# બેદરકાર લોકોના કારણે આરોગ્ય વિભાગની મહેનત પાણીમાં, સાબરકાંઠામાં નવા ૧૮ કોરોના પોઝિટિવ કેસ

## જિલ્લામાં કુલ-૨૫૭૫ પોઝિટિવ કેસ, એક્ટિવ કેસ ૧૨૯

સાબરકાંઠા જિલ્લામાં બેદરકાર લોકોના કારણે આરોગ્ય વિભાગની છેલ્લા ૧૩ મહિનાની મહેનત પાણીમાં ગઈ છે. ગત માર્ચ મહિનાથી કોરોનાનું સંક્રમણ બેકાબુ બન્યું ત્યારથી આરોગ્ય વિભાગના ડાૅક્ટર, પેરામેડીકલ સ્ટાફ, સ્વીપર વગેરેએ બેદરકાર બની ગયા. સોશ્યલ ડિસ્ટન્સ જળવાયું નહીં, માસ્ક પહેરતાં શરમ આવતી હોય તેવા દ્રશ્યો જોવા મળ્યા જેનું પરિણામ એ



સાબરકાંઠામાં દરરોજ સરેરાશ ૧૫ થી વધુ પોઝિટિવ કેસ સામે આવી રહ્યા છે. મંગળવારે વર્તમાન મહિનાના સર્વાધિક ૧૮ પોઝિટિવ કેસ નોંધાયા છે. જિલ્લામાં અત્યાર સુધીમાં ૨૫૭૫ કુલ પોઝિટિવ કેસ નોંધાયા છે. અત્યારે કુલ-૧૨૯ કેસ એક્ટિવ હોવાનું આરોગ્ય વિભાગ દ્વારા જણાવ્યું છે. જિલ્લામાં હિંમતનગર તાલુકામાં સર્વાધિક ૧૨૨૧ કેસ નોંધાયા છે અને સૌથી વધુ મૃત્યુ પણ ૪ હિંમતનગર તાલુકામાં નોંધાયા છે. પોતાના જીવની પરવા કર્યા વગર દિવસ-રાત કોરોનાથી સંક્રમિત દર્દીઓની સેવા કરી દિવાળી તહેવારો અગાઉ કોરોનાનું સંક્રમણ એકંદરે કાબુમાં આવ્યું. નવા વર્ષના આરંભે સાબરકાંઠા જિલ્લામાં કોરોના ઉપર સંપૂર્ણ કાબુ આવતાં સરકાર દ્વારા અન્ય જિલ્લાની જેમ ૩૧ જાન્યુઆરી-૨૦૨૧ થી સરકારી કોવિડ હોસ્પિટલ બંધ કરવામાં આવી પરંતુ ફેબ્રુઆરીથી કોરોના બેફામ બની ગયો છે. પ્રજાએ કોરોના રવાના થઈ ગયો છે તેમ માની આવ્યું કે સાબરકાંઠા જિલ્લામાં કોરોનાનો કહેર ગામડા અને શહેરી વિસ્તારોમાં ફરી વળ્યો છે. તા.૬ મે. ના રોજ આરોગ્ય વિભાગે જારી કરેલી યાદી મુજબ ૧૮ પોઝિટિવ કેસ નોંધાયા છે અને એ સાથે જિલ્લામાં અત્યાર સુધીમાં કુલ-૨૫૭૫ કેસનો આંકડો પહોંચ્યો છે જેમાંથી ૨૪૩૪ દર્દી ડિસ્ચાર્જ કરાયા છે અને ૧૨ લોકોના મોત નિપજ્યા છે. જો કે પ્રજા પણ જાણે છે કે આરોગ્ય વિભાગના આ આંકડામાં કેટલું સત્ય છે.

# લોકડાઉનના ડરે ખરીદી માટે લોકોની બજારોમાં ભારે ભીડ

## કરિયાણાની દુકાનો-મોલ્સ આગળ લાઈનો લગાવતા ફરી એકવાર ૨૦૨૦માં જોવા મળ્યા હતા તેવા દ્રશ્યો સર્જાયા

અમદાવાદ, તા. ૬

ગુજરાતમાં કોરોના બેફામ બન્યો છે ત્યારે ગુજરાત હાઈકોર્ટે રાજ્યમાં ત્રણ-ચાર દિવસનો સંપૂર્ણ કરફ્યુ જરુરી હોવાનું જણાવતા લોકોમાં ફફડાટ ફેલાઈ ગયો છે. સરકાર ગમે ત્યારે લોકડાઉન જાહેર કરી દેશે તેવા ડરે લોકોએ કરિયાણાની દુકાનો અને મોલ્સ આગળ લાઈનો લગાવતા ફરી એકવાર ૨૦૨૦માં જોવા મળ્યા હતા તેવા દ્રશ્યો સર્જાઈ રહ્યા છે. માત્ર અમદાવાદ જ નહીં, રાજ્યના અન્ય શહેરોમાં પણ પેનિક બાયિંગ શરુ થઈ ગયું છે.

ગયા વર્ષે માર્ચના છેલ્લા સપ્તાહમાં લોકડાઉન લાગુ કરાયું ત્યારે પણ લોકોએ જરુર ના હોય તો પણ માત્ર ડરના માર્યા જ કરિયાણાની મોટાપાયે ખરીદી કરી દુકાનો સાફ કરી નાખી હતી. દૂધની દુકાનો પર પણ લાંબી-લાંબી લાઈનો જોવા મળી હતી. દૂધ, કરિયાણા અને દવાની દુકાનો ચાલુ રહી હોવા છતાંય લોકોએ પેનિક બાયિંગ કર્યું હતું, ત્યારે હવે ગયા વર્ષ જેવી જ સ્થિતિ ફરી એકવાર જોવા મળી રહી છે.

ગુજરાત હાઈકોર્ટે આજે રાજ્યમાં બેફામ બનેલા કોરોનાની ગંભીર નોંધ લેતા સરકારને વાયરસ કાબૂમાં લેવા માટે કડક કાર્યવાહી કરવા જણાવ્યું હતું. કોર્ટે એમ પણ નોંધ્યું હતું કે, કોરોનાની ચેઈન તોડવા માટે શું પગલા લેવાયા તેની પણ વિગતો માગી હતી. આ સિવાય ત્રણ-ચાર દિવસના કરફ્યુ અંગે પણ સૂચન કર્યું હતું. કોર્ટની ટકોર બાદ રાજ્યમાં ત્રણ-ચાર દિવસ સુધી બધું બંધ રાખવું કે કેમ તેની સરકાર ગમે ત્યારે જાહેરાત કરી શકે છે.

આમ પણ ગુજરાતના મહાનગરોમાં શનિ-રવિ મોલ્સ બંધ રાખવાનો આદેશ ક્યારનોય અપાઈ ચૂક્યો છે. આ સિવાય રાત્રે ૯થી સવારે છ વાગ્યા સુધીનો કરફ્યુ પણ હાલ અમલમાં છે. પબ્લિક ટ્રાન્સપોર્ટ પણ બંધ કરી દેવામાં આવ્યું છે, અને આખા રાજ્યમાં તમામ સ્કૂલો બંધ રાખવાનો આદેશ પણ તાજેતરમાં જ સરકાર દ્વારા બહાર પાડવામાં આવ્યો હતો. જોકે, સીએમ અને ડેપ્યુટી સીએમે અત્યારસુધી અનેકવાર એવા દાવા કર્યા છે કે રાજ્યમાં હાલ લોકડાઉન લાગુ કરવાની કોઈ યોજના નથી.

ગુજરાતમાં કોરોનાએ છેલ્લા કેટલાક દિવસોથી માઝા મૂકી છે. તેમાંય સોમવારે તો નવા કેસોની સંખ્યા ૩૧૦૦ને પાર પહોંચી જતાં લોકોમાં પણ હવે ફફડાટ ફેલાઈ રહ્યો છે. રાજ્યોની હોસ્પિટલો ૨૦૨૦ બાદ ફરી એકવાર કોરોનાના દર્દીઓથી ભરાઈ રહી છે, સ્મશાનોમાં અંતિમવિધિ માટે નનામીઓની લાઈનો દેખાઈ રહી છે. અધૂરામાં પૂરું રાજ્યમાં ક્રિટિકલ દર્દીઓની સંખ્યા વધતા ઓક્સિજનની ડિમાન્ડમાં પણ જોરદાર ઉછાળો આવ્યો છે, અને રેમડેસેવીર ઈન્જેક્શનના કાળાબજાર પણ થઈ રહ્યા છે. જે સૂચવે છે કે રાજ્યમાં સ્થિતિ ખરેખર ગંભીર છે.

# સુરતમાં ભયાનક સ્થિતિ, સ્મશાનમાં ૮ કલાકનું વેઈટિંગ

સુરત, તા.૬

સુરતના અશ્વિની કુમાર સ્મશાનમાં મૃતદેહોના અંતિમ સંસ્કાર માટે લાંબી કતાર લાગી હોવાનો એક વીડિયો સામે આવ્યો છે. મૃતદેહોની અંતિમવિધિ માટે લાંબી કતારો જોઈને કોઈને પણ ડર બેસી જાય તેમ છે. હાલ સોશિયલ મીડિયામાં એક વીડિયો વાયરલ થયો છે. શહેરમાં પાલિકા તંત્ર દ્વારા અપાતા મોતના આંક અને સ્મશાનગુહના આંકમાં મોટા ફેરફાર સ્મશાન ગૃહ સાથે જોડાયેલા સૂત્રોનું કહેવું છે. આરોગ્ય તંત્ર કોરોના સામેના જંગમાં ઝઝૂમી રહ્યું છે ત્યારે આ જીવલેણ રોગના પ્રતિદિન જાહેર થતાં સરકારી આંકડાઓ તેમજ શહેરની વાસ્તવિક પરિસ્થિતિમાં જમીન આસમાનનો ફેર હોવાની હકીકત સામે આવી છે.જયારે બીજી તરફ સુરતમાં સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહેલ વીડિયો કોઈને પણ વિચલીત કરી શકે છે. હાલમાં સુરતના અશ્વિની કુમાર સ્મશાનમાં મૃતદેહોના અંતિમ સંસ્કાર માટે ખુબ લાંબી લાઈન લાગી હોવાનો એક વીડિયો સામે આવી રહ્યો છે. મૃતદેહોની અંતિમવિધિ કરવાં માટે લાંબી લાઈનોને જોઈ કોઈપણ વ્યક્તિને ભય લાગી જશે.હાલમાં સોશિયલ મીડિયા પર એક વીડિયો ખુબ વાયરલ થયો છે. સમગ્ર શહેરમાં પાલિકા તંત્રએ આપેલ મોતના આંકડા તેમજ સ્મશાનગુહના આંકડામાં ફેરફાર સ્મશાન ગૃહની સાથે જોડાયેલ છે. સમગ્ર શહેરની ખાનગી હોસ્પિટલો દર્દીઓથી ખીચોખીચ ભરેલી છે.જયારે હવે હાલમાં સ્મશાનભૂમિ પણ મૃતદેહોથી ભરચક થઈ ચૂકી છે. કોરોનાથી દર્દીઓના મોતનો સત્તાવાર દૈનિક આંકડો ફક્ત ૫ જેટલા જાહેર કરવામાં આવ્યો છે જયારે બીજી બાજુ શહેરી વિસ્તારની અલગ-અલગ સ્મશાન ભૂમિઓમાં દરરોજ કુલ ૭૫થી પણ વધારે દર્દીઓના અંતિમ સંસ્કાર કોવિડ ગાઈડલાઈન પ્રમાણે થઈ રહ્યાં હોવાની ખુબ ભયંકર સ્થિતિ છે.સારવાર કરાવવા માટે હોસ્પિટલમાં દર્દીઓ કતારમાં બેઠા છે તો, હવે સ્મશાનમાં પણ કોવિડ પ્રોટોકલ પ્રમાણે અંતિમ સંસ્કાર કરવા માટે મૃતદેહોની લાઈન લાગી છે. વિતેલા ૩ અઠવાડિયાથી કોરોનાની પરિસ્થિતિ પુનઃ ભયાવહ થઈ ચૂકી છે. તેમાં પણ છેલ્લા ૪-૫ દિવસથી જાહેર આરોગ્યનો જાણે દાટ વળી ગયો છે.

## સમાચાર રફ્તાર

- અમદાવાદની એસ.વી.પી. હોસ્પિટલ સંપૂર્ણ કોવિડ હોસ્પિટલ તરીકે ફેરવાઈ.
- રાજ્યમાં ત્રણ લાખ રેમેડસિવિર ઈન્જેક્શનનો ઓર્ડર અપાયો.
- સુરતમાં વધુ ૮૦૦ બેડની કીડની હોસ્પિટલમાં વ્યવસ્થા કરાઈ.
- સરકાર સુરતમાં ત્રણસો વેન્ટીલેટર તાત્કાલિક મોકલશે.
- ગુજરાત હાઈકોર્ટ ૧૦ થી ૧૪ એપ્રિલ બંધ રહેશે.
- આઈઆઈટી, બીહટામાં ૧૫ વિદ્યાર્થીઓ એક સાથે સંક્રમિત.
- સુરતના વરાછા વિસ્તારમાં ૧૩ વર્ષના બાળકનું કોરોના સંક્રમણથી મૃત્યુ.
- રાજ્ય સરકારના વધુ એક મંત્રી આર.સી. ફળદુ કોરોનાથી સંક્રમિત થતાં હાલ ચાર મંત્રીઓ કોરોનાથી સંક્રમિત.
- મંત્રીઓના સ્ટાફમાં કોરોનાનું સંક્રમણ વધ્યુ, પ્રદીપસિંહ જાડેજા, ભૂપેન્દ્રસિંહ, આર.સી. ભળદુ અને ગણપત વસાવાના સ્ટાફમાં કુલ ૩૨ કર્મયોગીઓ સંક્રમિત થયા.
- જાણીતા સાહિત્યકાર અને કોલમિસ્ટ કનૈયાલાલ ભટ્ટ પણ કોરોનાથી સંક્રમિત.
- કોરોના રસીકરણમાં વય મર્યાદા હટાવવા કેઝરીવાલ અને ગેહલોતે પ્રધાનમંત્રીને પત્ર લખ્યો.
- અમદાવાદ સિવિલમાં ત્રણ બાળકોના કોરોનાથી મોત, ૧૧ સારવાર હેઠળ.
- સુરેન્દ્રનગર નગરપાલિકાના ૧૨ કર્મચારીઓ કોરોનાથી સંક્રમિત.
- દમણમાં રાત્રે ૮ થી સવારે ૬ કરફ્યુ લગાવાયો.
- ઈન્ડિયન મેડીકલ એસોસીએશને કોરોનાને નિયત્રિંત કરવા આંશિક લોકડાઉન લગાવવા પ્રધાનમંત્રીને પત્ર લખ્યો.
- દિલ્હીમાં આજથી ૩૦ એપ્રિલ સુધી રાત્રી કરફ્યુ.
- જાણીતી અભિનેત્રી કેટરીના કેફ કોરોનાથી સંક્રમિત.
- મુંબઈનુ સિધ્ધિવિનાયક મંદિર દર્શનાર્થીઓ માટે બંધ કરાયુ.
- રાજકોટના એચ.ટી. પોર્ટમાં એક સાથે નવ કર્મચારીઓ કોરોનાથી સંક્રમિત.
- રાજકોટમાં સાત દિવસમાં અઢીસો બાળકો કોરોનાથી સંક્રમિત થયા.
- સુરતમાં ખાનગી નર્સિંગ હોમને પણ કોરોનાની સારવાર માટે છૂટ અપાઈ.
- સુરત સિવિલ હોસ્પિટલના સુપ્રિટેન્ડેન્ટ એસ.એન. પટેલની તાત્કાલિક અસરથી બદલી કરાઈ.
- રાજકોટ મધ્યસ્થ જેલના ૮ કેદીઓ કોરોનાથી સંક્રમિત.
- પાલનપુરના બજારો શનિ-રવિવારે બંધ રાખવા વેપારીઓનો સ્વૈચ્છિક નિર્ણય.
- અમદાવાદ કાલુપુર સ્વામિનારાયણ મંદિર બંધ કરાયુ.

# ડીસામાં ખેડૂતો દ્વારા કોલ્ડ સ્ટોરેજના લોન ખાતા સીલ ન કરવા રજુઆત

## નાયબ કલેક્ટરને આવેદનપત્ર આપવામાં આવ્યું : ખેડૂતોની 'પડતા ઉપર પાટુ' જેવી કફોડી હાલત

બનાસકાંઠા જિલ્લાના ડીસામાં મંગળવારે બટાકાની ખેતી કરતા ખેડૂતોએ નાયબ કલેક્ટરને આવેદનપત્ર આપ્યું હતું . જેમાં બટાકાનો સંગ્રહ કરતા કોલ્ડ સ્ટોરેજના લોન ખાતા એન. પી. એ. થતા બેંક દ્વારા સીલ કરવામાં ન આવે તેવી માગણી સાથે ખેડૂતોએ નાયબ કલેકટરને આવેદનપત્ર આપી રજૂઆત કરી હતી.તેમ છતાં જો બેંકો દ્વારા જોહુકમી કરવામાં આવશે તો ખેડૂતોએ ભૂખ હડતાળ પર બેસવાની ચીમકી પણ ઉચ્ચારી છે.

બનાસકાંઠા જિલ્લામાં છેલ્લા ઘણા સમયથી બટાકામાં વારંવાર મંદીના કારણે અનેક ખેડૂતો અને વેપારીઓને મોટું નુકસાન થયું છે તેમાંથી કોલ્ડ સ્ટોરેજના માલિકો પણ બાકાત રહ્યા નથી. આ કોલ્ડ સ્ટોરેજ માલિકોના લોન ખાતા એન. પી. એ .થતા બેંકો દ્વારા હવે કોલ્ડ સ્ટોરેજ સીલ કરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવી રહી છે પરંતુ આ વર્ષે બટાકાનું મબલખ ઉત્પાદન થતા મોટા ભાગના કોલ્ડ સ્ટોરેજ હાઉસ ફૂલ થઈ ગયા છે જ્યારે બીજી તરફ જે સ્ટોરમાં બટાટા મૂકવામાં આવ્યા છે એવા પણ કેટલાકને બેંક દ્વારા સીલ મારવાની કાર્યવાહી કરવામાં આવશે તેવી માહિતી મળતા સ્ટોરેજમાં જે ખેડૂતોના બટાટા પડ્યા છે તેવા ખેડૂતો ચિંતામાં મુકાયા છે, એક તરફ વારંવાર મંદીને કારણે ખેડૂતોને મોટુ નુકસાન થયું છે બીજી તરફ હવે સ્ટોરેજમાં બટાટા પડ્યા હોય અને બેંક દ્વારા કાર્યવાહી કરવામાં આવે તો ખેડૂતોને 'પડતા પર પાટુ' જેવો ઘાટ ઘડાય તેવી સ્થિતિ સર્જાશે. વળી અત્યારે ગરમીની સિઝનમાં જો બટાટા એક સ્ટોરમાંથી બીજા સ્ટોરમાં ટ્રાન્સફર કરવામાં આવે તો પણ બટાટા બગડી જવાની સંભાવના વધી જાય છે તેવામાં એન. પી. એ. થયેલા સ્ટોર માલિકોને રાહત આપવામાં આવે અને ડિસેમ્બર મહિના સુધી તેમની સામે કાર્યવાહી અટકાવવામાં આવે તેવી માંગ સાથે આજે ખેડૂતોએ નાયબ કલેકટરને આવેદન પત્ર આપ્યું હતું. તેમ છતાં પણ બેંક દ્વારા કાર્યવાહી કરવામાં આવશે તો ખેડૂતો ગાંધી ચિંધ્યા માર્ગે આંદોલન કરશે તેવી ચીમકી પણ આપી છે .

# પીઆઈની ફિઝિકલ ટેસ્ટમાં કોવિડ પોઝિટિવને તક અપાશે

ગાંધીનગર, તા. ૬

ગુજરાતમાં કોરોના વાયરસ કાબૂ બહાર જઈ રહ્યો છે તેવામાં ચાર મહાનગરોમાં રાત્રી કર્ફ્યૂ પણ લગાવવામાં આવ્યો છે. આ ઉપરાંત હવે લોકડાઉનના ભણકારા વાગી રહ્યા છે તેવામાં વિવિધ શૈક્ષણિક પરીક્ષાઓને અસર પડી શકે છે. તેવામાં પોલીસ ઈન્સપેક્ટરની ફિઝિકલ ટેસ્ટને લઈને જીપીએસસી દ્વારા એક મહત્વનો નિર્ણય લેવામાં આવ્યો છે. જે મુજબ હવે કોવિડ પોઝિટિવ ઉમેદવારોને પરીક્ષા માટે તક આપવામાં આવશે. ૨૨થી ૨૬ એપ્રિલ દરમિયાન ફિઝિકલ ટેસ્ટમાં હાજર ન રહી શકનારા ઉમેદવારોને બીજી તક આપવામાં આવશે. પીઆઈ માટેની મુખ્ય પરીક્ષા અગાઉ કોરોના પોઝિટિવ ઉમેદવારોની પરીક્ષા લેવામાં આવશે. કોરોનાના વધી રહેલા કેસને જોતા જીપીએસસી એ મહત્વનો નિર્ણય લીધો છે જેથી કરીને કોઈ ઉમેદવાર પરીક્ષા વગર રહી ન જાય. રાજ્યમાં પીઆઈની પરીક્ષામાં પાસ થયેલા ઉમેદવારોની ફિઝિકલ ટેસ્ટ લેવાની છે. જીપીએસસી દ્વારા આ ફિઝિકલ ટેસ્ટ માટે ૨૨થી ૨૬ એપ્રિલની તારીખ જાહેર કરી હતી. પીઆઈની મુખ્ય પરીક્ષા ૧૯થી ૨૦ જૂન વચ્ચે લેવામાં આવશે.

# કોરોનાને અનુલક્ષી પક્ષકારોની ગેરહાજરી સંદર્ભે વોરંટ ઈસ્યુ ન કરવા બારનો ઠરાવ

ગાંધીનગર તા ૬

ગાંધીનગરમાં હાલ કોરોનાના કેસ વધી રહ્યા છે. કોરાનાના વધતા સંક્રમણ વચ્ચે કોર્ટ કર્મચારીઓમાં પણ સંક્રમણ વધ્યુ છે. આવા સંજોગોમાં પક્ષકારો હાજર ન રહી શકે તેવી સ્થિતિમાં વોરંટ ઈસ્યુ ન કરવા માટે પણ બાર એસોસિએશને ઠરાવ કર્યો છે.

ગાંધીનગર બાર એસોસિએશનના પ્રમુખ લાલસિંહ ગોહીલે આ અંગે રજુઆતમાં જણાંવ્યા મુજબ શહેરમાં કોરોનાના કેસ સતત વધી રહ્યા છે. કોરોનાના વધતા સંક્રમણ વચ્ચે ગાંધીનગર કોર્ટ સંકુલમાં પણ ફફડાટ પ્રવર્તયો છે. કોર્ટના કર્મચારીઓમાં પણ કોરોનાનુ સંક્રમણ વધ્યુ છે. ત્યારે વકીલો તેમજ પક્ષકારો અને કોર્ટ સંકુલમાં આવતા મુલાકાતીઓ માટે પણ કોરોનાનુ જોખમ વધ્યુ છે. જયારે આવી પરિસ્થિતિમાં વકીલો તેમજ પક્ષકારો કોર્ટમાં આવી શકે તેમ નથી. આ સ્થિતિને ધ્યાને રાખી ન્યાયના હીતમાં આગામી ૩૦ એપ્રિલ સુધી સંબંધિત દિવસે બોર્ડમાં નક્કી કરેલા કેસો અન્વયે પક્ષકારો તેમજ વકીલોની હાજરી ન હોય તેવા સંજોગોમાં કોઈપણ પક્ષકારોને વોરંટ કે કોઈપણ કેસનુ સ્ટેજ આગળ ન લેવા ગાંધીનગર બાર એસોસિએશને ઠરાવ કર્યો છે. આ અંગે ડિસ્ટ્રીકટ જજ તેમજ ગાંધીનગર કોર્ટની તમામ કોર્ટમાં ગંભીર નોંધ લઈ પક્ષકારો તેમજ વકીલો પોતાનો કેસ ગેરહાજર હોવાના લીધે નુકશાન ન થાય તે માટે ઘટતુ કરવા પણ બાર એસોસિએશનને રજુઆતમાં જણાંવ્યુ છે.

## ગ્રીનસિટીનું ગૌરવ... ● છેલ્લા પાનાનું ચાલુ

ગ્રામ્ય વિસ્તારમાં ચિલ્ડ્રનપાર્ક સાથે સપ્તરંગી બગીચાઓના નિર્માણને પ્રાધાન્ય અપાશે.

ભુખ્યાને ભોજન, ઘાયલ અબોલ જીવો માટે મહાવીર મોબાઈલ સર્વિસ તેમજ ગૌ માતા માટે સેવા કેન્દ્રો કાર્યરત કરાશે.

શહેરમાં નિર્માણ પહેલા બાંધકામ કરનારને એરિયા મુજબ ગણતરીના વૃક્ષો ફરજીયાતપણે ઉગાડવાની ફરજ પડાશે. પર્યાવરણપ્રેમીઓનું સન્માન કરાશે. શહેરમાં ગ્રીન વૉલ એટલે કે વૃક્ષોની હારમાળા કરવામાં મદદરૂપ વ્યક્તી સંસ્થા કે કંપનીઓને સન્માનની સાથે પ્રોપર્ટી ટેક્ષ અને પ્રોફેશનલ ટેક્ષમાં પણ રાહત અપાશે.

આપના પક્ષના જ સભ્યો પક્ષ છોડી જતા રહે છે તેના વિશે પુછાયેલા એક પ્રશ્નના ઉત્તરમાં પ્રદેશ પ્રમુખ ચાવડાએ જણાવ્યુ હતુ કે પક્ષદ્રોહ કરનારાઓને મતદારો જ સજા કરે છે અને પક્ષ તેનુ સમર્થન કરે છે તેમ કહી વધુ ચર્ચાને ટાળી હતી.

પ્રદેશ મહામંત્રી નીશિત વ્યાસે કહ્યુ હતુ કે કોંગ્રેસે જે કહ્યુ છે તે કર્યુ છે. ગાંધીનગરના મુક્તિધામમાં વિનામૂલ્યે અગ્નિ સંસ્કારનો નિર્ણય કોંગ્રેસના શાસનનો હતો. તેમણે કહ્યુ કે કોંગ્રેસ શહેરને શહેર તરીકે નહિ પરિવાર તરીકે વિકાસ માટે કટિબદ્ધ છે.

## સમયસર... ● છેલ્લા પાનાનું ચાલુ

મુકે અને આપણને બચાવે આવું બાપડા-બિચારા થઈને જીવવા કરતાં આપણે સ્વયંમ જ ૧૫ દિવસનું લોકડાઉન મુકીએ. હું બહાર નીકળીશ નહિ અને કોઈ નીકળતુ હશે તો તેને અટકાવવા પ્રયત્ન કરીશ... આપણે બે અઠવાડીયા શાકભાજી નહીં ખાઈએ... આપણે બે અઠવાડીયા અન આવશ્યક ખરીદી નહીં કરીએ... આજીવિકા સિવાયના કોઈ સ્થળે નહીં જઈએ... એવા સ્વયં નિયંત્રણો મુકીશું તો જ મહામારીમાંથી હેમખેમ ઉગરી સકીશુ. જરૂર હોય કે ના હોય દર કલાકે હાથ ધોઈશ..! પંદર દિવસ માસ્ક ઉતારીશ જ નહી... આ ત્રણ સંકલ્પોનું સ્વયં કડકાઈથી પાલન કરીશું તો લોકડાઉન કે કરફ્યુ વિના પણ આપણે બચીશુ અને આપણાને બચાવી શકીશું..! સાહેબ..! દિવસે-દિવસે નહિ... કલાકે કલાકે પરિસ્થિતિ વણસે છે. હવે સહેજ પણ રાહ જોવાની પાલવે તેમ નથી, કોર્ટ સરકારો, સમાજ... જેમને જે વિચારવું હોય તે વિચારે જે નિર્ણયો કરવાના હોય તે કરે આપણે બચવું છે... આપણે ૧૫ દિવસ સ્વયંનું લોકડાઉન પાળીશુ તો જ મહામારીને મ્હાત કરી શકીશુ.

## નવો વિક્રમ... ● છેલ્લા પાનાનું ચાલુ

ગાંધીનગર શહેરમાં આજે ૩૮ કેસ નોંધાતા તંત્રમાં સન્નાટો વ્યાપી જવા પામ્યો હતો. ૧૬૦ દિવસ બાદ આટલી મોટી સંખ્યામાં કેસો નોંધાયા છે.

શહેરમાં એક જ દિવસમાં ૩૮ કેસ નોંધાતા તંત્ર આજે આખો દિવસ સતત દોડતુ રહ્યુ હતુ. કોરોના માટે સંવેદનશીલ બનેલા વિસ્તારોમાં જે ઝડપથી કેસો નોંધાઈ રહ્યા છે તેને લઈ તંત્ર પણ સ્તબ્ધ છે.

આજે નોંધાયેલા કેસોમાં ૧૫ મહિલા દર્દીઓનો સમાવેશ થાય છે. આજે સંક્રમિત થનારાઓમાં સેક્શન અધિકારી, ઉદ્યોગ ભવનનો કર્મયોગી, નાયબ સેક્શન અધિકારી, સિક્યોરીટી, ડ્રાયવર, સેવક, ઉદ્યોગભવનના એકાઉન્ટન્ટ, પ્રાથમિક શાળાના શિક્ષિકા, મદદનીશ અધિકારી, ટ્યુશન ક્લાસના સંચાલક, કૃષિ ભવનના અધિકારી, ફુટવેરના વેપારીનો સમાવેશ થાય છે.

આજે સે. ૭ માંથી પાંચ કેસ તેમજ સે. ૧૨, ૨૭, ૨૪ માંથી ૩-૩ કેસ ઉપરાંત સે. ૨૦, ૨, ૧૩, ૧૭, ૨૧, ૩૦, ૩, ૮ અને સે. ૨૨ માંથી બે-બે કેસ નોંધાયા છે. શહેરના સે. ૧૬, સે. ૯, ૩-એ-ન્યુ, ૧૫, ૨૬ અને સે. ૨૮ માંથી પણ કેસ મળી આવ્યા છે.

ગાંધીનગર શહેરમાં એક્ટીવ કેસોની સંખ્યા ૩૦૦ને પાર કરી ગઈ છે. આજે નોંધાયેલા કેસોમાં ૩ દર્દીને સઘન સારવારની જરૂર જણાતાં હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે.

શહેરમાં સર્વેલન્સ સઘન કરવા ઉપરાંત હોમ આઈસોલેશનમાં રહેલા દર્દીઓનું અસરકારક મોનીટરીંગ કરવા માટેની સૂચનાઓ તંત્રએ જારી કરી છે. એટલુ જ નહિ સોશ્યલ ડિસ્ટન્સીંગ જળવાઈ રહે તે જોવા પણ તાકીદ કરવામાં આવી છે.

શહેરમાં આજે ૧૯ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. શહેરમાં ૩૦૦ જેટલા કન્ટેનમેન્ટ ઝોનમાં સાત હજાર જેટલા લોકોને હોમ ક્વોરોન્ટાઈન હેઠળ રાખવામાં આવેલ છે.

# રાજ્યમાં દર્દીઓ સતત વધતાં નવી હોસ્પિટલોને મંજૂરી અપાશે

રાજકોટ, તા.૬

રાજકોટ શહેરની સિવિલ હોસ્પિટલમાં કોરોના સંક્રમિત દર્દીઓને વધુ પ્રમાણમાં સારવાર મળી રહે તે માટે જુદા જુદા ત્રણ વોર્ડમાં વૈકલ્પિક વ્યવસ્થા ઉભી કરવામાં આવી છે. તો સાથેજ કલેકટર દ્વારા ઈન્ડિયન મેડિકલ એસોશિએશનના સભ્યો સાથે બેઠક યોજી હતી. જે બેઠકમાં નવી કોવિડ હોસ્પિટલ ને મંજૂરી આપવા બાબતેની તૈયારી પણ દર્શાવવામાં આવી છે. રાજકોટ શહેરમાં નવા ૨૮૩ અને ગ્રામ્ય વિસ્તારમાં માત્ર ૨૮ કેસ આવતા કુલ ૩૧૧ કેસ નોંધાયા છે. આ સાથે કુલ કેસનો આંક ૨૮,૦૮૩ થયો છે. તંત્ર દરરોજ નવી હોસ્પિટલ શરૂ કરવા માટે દબાણ કરી બેડ વધારે છે પણ બેડ વધે છે તેની બમણી ગતિએ દર્દીઓ પણ વધી રહ્યા છે. રાજકોટમાં હાલ ૧૯૦૦ બેડની ક્ષમતા થઈ હોવા છતાં માત્ર ૪૪૪ બેડ ખાલી રહ્યા છે.

જ્યારે એક્ટિવ કેસની વાત કરીએ તો શહેર અને જિલ્લામાં ૧૭૩૫ એક્ટિવ કેસ છે જોકે જે લોકોએ ૧૦ દિવસ પૂરા કર્યા છે તેમને એક્ટિવ કેસમાંથી બહાર તો કાઢી દે છે પણ ૧૪ દિવસ ન થાય ત્યાં સુધી ક્વૉરન્ટીન રાખે છે. બીજીતરફ ગોંડલના ભુણાવા ગામમાં કોરોનાના ત્રણ કેસ આવવાની સાથે જ કોરોના મહામારી સામે ગ્રામજનોનું સ્વાસ્થ્ય જોખમાય નહિ તે માટે ભુણાવા ગામે સ્વૈચ્છિક દસ દિવસનું લોકડાઉન જાહેર કરવામાં આવ્યું છે. ૧૦ દિવસ માટે જીવન જરૂરિયાતની તમામ ચીજવસ્તુઓ પણ ઉપલબ્ધ કરી લેવામાં આવી છે.

પ્રાપ્ત વિગતો મુજબ કોરોનાની બીજી લહેરને કાબુમાં લેવા સરકારી અને આરોગ્ય તંત્ર તનતોડ મહેનત કરી રહ્યું છે. ત્યારે તેને સહકાર આપવાના ભાગરૂપે અને ગ્રામજનોનું સ્વાસ્થ્ય જોખમાઈ નહીં તેવા શુભ હેતુથી ગોંડલ તાલુકાના ભુણાવા ગામના સરપંચ અને જિલ્લા પંચાયતના કારોબારી ચેરમેન સહદેવસિંહ જાડેજા દ્વારા તાકીદે ગ્રામજનો સાથે મિટિંગનું આયોજન કરાયું હતું તેમાં સર્વાનુમતે દસ દિવસ સ્વૈચ્છિક લોકડાઉન કરવાનો નિર્ણય કરવામાં આવ્યો છે અને ગામમાં દસ દિવસ દરમિયાન જરૂરી ચીજ વસ્તુઓની અછત ન સર્જાય તે માટે ચીજવસ્તુઓ પણ ઉપલબ્ધ કરી લેવામાં આવી હોવાનું અંતમાં જણાવાયું હતું. આ સાથે ભુણાવાના ગ્રામજનોને અપીલ કરવામાં આવી હતી કે, લોકોએ બિનજરૂરી ઘરની બહાર ન નીકળવું, માસ્ક પહેરી રાખવું, સોશિયલ ડિસ્ટન્સ જાળવવું અને શરદી તાવ કે ઉધરસ જેવા લક્ષણો વર્તાય તો તાકીદે સારવાર મેળવી લેવી.

# સુરતમાં કોરોનાએ ૧૩ વર્ષના ધ્રુવનો ભોગ લીધો

સુરત, તા.૬

દેશમાં કોરોનાની બીજી લહેર વધુને વધુ ઘાતક અને ખતરનાક સાબિત થઈ રહી છે. આ લહેર કોઈને નથી છોડી રહી. પહેલી લહેરમાં મોટાભાગના કેસમાં બાળકો પોઝિટિવ થતા ન હતા. તેમજ જો કોઈ પોઝિટિવ થાય તો મોતનું પ્રમાણે નહિવત હતું, પરંતુ બીજી લહેરમાં કોરોના વધારે ઘાતક બની રહ્યો છે. દેશમાં અનેક જગ્યાથી અહેવાલ આવી રહ્યા છે કે બાળકો પણ કોરોનાગ્રસ્ત થઈ રહ્યા છે તેમજ તેમની સ્થિતિ વધુ ગંભીર બની રહી છે. તેવામાં સુરતમાં આવો જ એક કેસ સામે આવ્યો છે.

જેમાં ૧૩ વર્ષના બાળકનું કોરોનાથી નિધન થયું છે. રાજ્યમાં હાલ કોરોનાનો રાફડો ફાટ્યો છે ત્યારે આ કેસ ખરેખર ચોંકાવનારો છે. સાથે તમામ માટે એક સંદેશ પણ છે કે જો હજુ નહીં ચેતીએ તો ખૂબ મોડું થઈ જશે. સુરતમાં ૧૩ વર્ષના મોટાવરાછાના બાળકનું કોરોનાથી મજૂરા ફાયર સ્ટેશન નજીકની સાચી હોસ્પિટલમાં મોત થયું છે. આ બાળકમાં કોરોનાના કોઈ જ લક્ષણ નહોતા. અત્યારસુધીમાં કોરોનાથી સૌથી નાની વયના બાળકનું મોત સુરતમાં નોંધાયું છે.

આ ઉપરાંત ૧૦ વર્ષનું એક બાળક પણ વેન્ટિલેટર પર સારવાર લઈ રહ્યાના અહેવાલો મળી રહ્યા છે. મોટા વરાછા ખાતે રહેતા અને એમ્બ્રોઈડરીનું કારખાનું ચલાવતા ભાવેશભાઈ કોરાટનું કહેવું છે કે તેમનો ૧૩ વર્ષનો પુત્ર ધ્રુવ રવિવાર સુધી એકદમ સાજો હતો. બીજી ખાસ વાત એ હતી કે ધ્રુવને કોરોનાના કોઈ જ લક્ષણો ન હતા. એટલે કે તે સાવ સામાન્ય હતો. પરંતુ રવિવારે અચાનક તેની તબિયત બગડી હતી.

ધ્રુવને એકાએક શ્વાસ લેવામાં તકલીફ પડવા લાગી હતી. જે બાદમાં તેનો એન્ટિજન ટેસ્ટ કરવામાં આવ્યો હતો, જે પોઝિટિવ આવ્યા બાદ તેનો તાત્કાલિક સાચી હૉસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યો હતો. અહીં તેની સારવાર ચાલી રહી હતી પરંતુ સારવારના પાંચ જ કલાકમાં ધ્રુવનું નિધન થયું હતું. બાળકો માટે પણ હવે કોરોના વધુ ઘાતક સાબિત થઈ રહ્યો છે. સાચી હોસ્પિટલમાં અન્ય એક ૧૦ વર્ષના બાળકને પણ વેન્ટિલેટર પર રાખવામાં આવ્યો છે. આ બાળકનો રેપિડ એન્ટજન ટેસ્ટ અને પછી આરટી-પીસીઆર ટેસ્ટ પણ પોઝિટિવ આવ્યો છે. હસતા રમતા દીકરાનું પાંચ જ કલાકમાં નિધન થતાં પરિવાર ભાંગી પડ્યો હતો. ધ્રુવના પિતાએ જણાવ્યું હતું કે, અમે સારવાર માટે લઈ ગયાના પાંચ જ કલાકમાં દીકરાનું નિધન થયું હતું. બીજી તરફ એવી પણ માહિત મળી છે કે ધ્રુવના શરીરમાં પ્રોટિન ન બનતું હોવાની સમસ્યા હતી. જેની સારવાર પણ ચાલી રહી હતી.